# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-12-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના આગામી 22મા હપ્તાનો વિના વિલંબે લાભ મેળવવા માટે કેન્દ્ર સરકારે ખેડૂત આઇડી ફાર્મર રજીસ્ટ્રી નોંધણી ફરજીયાત કરી છે. ગુજરાત રાજયના જે ખેડૂતોએ હજુ સુધી ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતોએ સત્વરે નોંધી કરાવી લેવી.

હાલમાં ગ્રામીણ કક્ષાએ ખેડૂતો માટે ઝુંબેશ સ્વરૂપે નોંધણી કરવામાં આવી રહી છે. ખેડૂતોએ જે તે ગામના તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો. આ ઉપરાંત ખેડૂતો પોતે ઘરેથી મોબાઇલ એપ્લીકેશનથી પણ નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટર સીએસસી અથવા ગ્રામપંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા પણ ખેડૂત નોંધણી કરાવી શકશે.

-------------------------------------------------------------------------------

## વિરાણીમાં જળસંચયના કામો

કચ્છમાં ભૂગર્ભ જળસ્તર નીચા જઈ રહ્યા હોવાથી ખેતી અને પશુપાલન માટેની ચિંતા વધી છે, ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોના ભાગરૂપે જળસંચય કામો હાથ ધરાયા છે.

આ અભિયાન હેઠળ અબડાસા વિધાનસભા ક્ષેત્રના મોટી વિરાણીના સીમતળમાં કુલ રૂપિયા 43 લાખના ખર્ચે બે તળાવના જળસંચયનાં કામો કાર્યરત છે. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, પખડા ડુંગર સમીપે આવેલા આંબલિયા સર તળાવ અને ગાંધીસર તળાવનું નવસર્જન થઈ રહ્યું છે.
ઊંચા આવશે, અને પશુધન તેમજ વન્ય પ્રાણીઓ માટે પીવાનું પાણી મળી રહેશે, જેનાથી પાણીનો પ્રશ્ન હળવો થવાની આશા છે.

---------------------------------------------------------------------------------

## નાગોર ચેકડેમમાં કામ

નાગોર ગામની સીમમાં બનનારા બે ચેકડેમનાં કામનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાના હસ્તે કરવામાં આવ્યું હતું. ચેકડેમનાં નિર્માણથી આ વિસ્તારના જળસ્તરમાં સુધારો થશે તેમ જણાવી રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ વિકાસકામો માટે હંમેશાં ખડેપગે રહેવાની ખાતરી આપી હતી.

---------------------------------------------------------------------------------

## કણખોઇથી કુડા તરફ નહેરના બ્રિજ પર વાહન વ્યવહાર બંધ

ભચાઉ તાલુકાના કણખોઇથી રાપરના કુડા તરફ જતાં રસ્તા પર આવેલ કચ્છ શાખા નહેરની સાંકળ 157 કિલોમીટર પરના કેનાલ બ્રિજને નુકસાન થતાં વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ 10 માર્ચ 2026 સુધી આ બ્રિજ પરથી તમામ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ રહેશે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન થાય.

વૈકલ્પિક માર્ગ તરીકે શાખા નહેર પર આવેલ બ્રિજની સાંકળ 155 કિલોમીટર તથા બ્રિજની સાંકળ 158 કિલોમીટર પરથી વાહનો અવર-જવર કરી શકશે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં કૂતરા કરડવાના કેસ

ગાંધીધામ-આદિપુર જોડિયા શહેરોમાં 1 એપ્રિલથી નવેમ્બર દરમિયાન દર મહિને 400થી વધુ લોકોને કૂતરાં કરડયા છે, જેના કારણે સરકારી રામબાગ હોસ્પિટલમાં આઠ મહિનામાં 11,935 રસીના ડોઝ અપાયા છે.

રખડતા ઢોરના મામલે મનીષ ગુરુવાણી કમિશનર બન્યા બાદ 950થી વધુ ઢોર પકડીને ગૌશાળામાં મોકલાયા છે. હવે, મહાનગરપાલિકા દ્વારા કૂતરાંના ત્રાસને નિયંત્રિત કરવા માટે એનિમલ બર્થ કંટ્રોલની કામગીરી પાછળ ₹3 કરોડ ખર્ચવામાં આવશે. ખસીકરણ અને જરૂરી સારવાર માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં વર્ક ઓર્ડર આપી કામગીરી શરૂ કરાશે, જે સૂત્રોએ જણાવ્યું છે.

-------------------------------------------------------------------------------------

## દેશલપરથી હાજીપીર માર્ગનું કામ

દેશલપર ગુંતલીથી હાજીપીરને જોડતા 32 કિ.મી.ના માર્ગનું 80 કરોડના ખર્ચે મજબૂતીકરણ કાર્ય હાથ ધરાશે. તાજેતરમાં આ કામનો આરંભ થતાં લાંબા સમયથી મુશ્કેલી વેઠતા લોકોમાં ખુશીની લાગણી છવાઇ હતી. આ માર્ગ નિર્માણ માટે ધારાસભ્યો પ્રદ્યુમનસિંહ જાડેજા  અને કેશુભાઇ પટેલે રજૂઆત કરતાં રાજ્ય સરકારે આ માતબર રકમની ગ્રાન્ટ ફાળવી હતી. સંભવત કચ્છનો આ પ્રથમ સિમેન્ટ-ક્રોંક્રિટ માર્ગ હશે તેવું પાઠવાયેલી યાદીમાં જણાવાયું છે.

-------------------------------------------------------------------------------------

## હવામાન

છેલ્લા બે દિવસથી જિલ્લામાં ઠારનો પ્રભાવ ઘટ્યો છે. લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા જિલ્લાવાસીઓને ઠંડીથી સામાન્ય રાહત મળી છે. આજે સવારે પશ્ચિમ કચ્છના માકપટ સહિત જુદા જુદા વિસ્તારોમાં ધુમ્મસ છવાયું હતું. આજે રાજ્યનું સૌથી ઠંડુ મથક બનેલું નલિયાનું લઘુત્તમ તાપમાન 12.8 ડિગ્રી નોંધાયું હતું. જિલ્લા મથક ભુજમાં 14.3 અને કંડલામાં 16 ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન ઠંડીનું પ્રમાણ વધે તેવી શક્યતા નકારી છે.

-------------------------------------------------------------------------------------

## સુખપર અકસ્માત

માંડવી ભુજના સુખપર વિસ્તારમાં સોમવારે વહેલી સવારે એક ટ્રેલર શંકર મંદિર પરિસરમાં ઘૂસી ગયું હતું. આ ઘટના ભુજ-નખત્રાણા હાઈવે પર આવેલા ધનાણી મહાદેવ મંદિર પરિસરમાં બની હતી. ટ્રેલર મંદિર પરિસરમાં ઘૂસવાના કારણે મંદિરના એક ભાગને નુકસાન પહોંચ્યું હતું.

સદનસીબે, આ અકસ્માત વહેલી સવારના સમયે થયો હતો, જેના કારણે મંદિરમાં ભક્તોની હાજરી ઓછી હતી. આથી, કોઈ જાનહાનિ ટળી હતી. જોકે, મંદિર પરિસરમાં રહેલા સામાન અને માળખાને નુકસાન થયું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

---------------------------------------------------------------------------------

## ગઢશીશાની શાળામાં સ્નેહમિલન

ગઢશીશા ખાતે આવેલી પૂંજાણી હાઈસ્કૂલમાં 50 વર્ષ પૂર્વે, એટલે કે વર્ષ 1974માં અભ્યાસ કરનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ત્રિદિવસીય સ્નેહમિલન યોજાયું હતું. વિવિધ ક્ષેત્રમાં નામના મેળવી નિવૃત્ત જીવન ગાળી રહેલા આ મિત્રો સોશિયલ મીડિયા દ્વારા સંપર્કમાં હતા.

માતૃસંસ્થા પ્રત્યેની લાગણી વ્યક્ત કરવા માટે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ એકબીજા સાથે યાદો તાજી કરી હતી અને ગુરુવંદના સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

---------------------------------------------------------------------------------